**ક્રિમીનલ ઇન્ક.નં–૩૪૨/૨૦૨૬**

**આંક– ૧ નીચે હુકમ**

ફરીયાદીની ફરીયાદ વંચાણે લીધી. ફરીયાદ સાથેના દસ્તાવેજી આધારો વંચાણે લીધા. ફરીયાદના અનુસંધાને રજુ ફરીયાદીનું સોગંદનામું ધ્યાને લીધું. નામદાર સુપ્રીમ કોર્ટના સંજાબીજ તારી વિરૂધ્ધ કોશોર બોરકાના ચુકાદામાં પ્રસ્થાપીત કરેલ સિધ્ધાંતો મુજબ આરોપીના પ્રોસેસ ઇશ્યુ કરતા પહેલા નોટીસ કાઢવી જરૂરી ન હોય જેથી આ કામે ફરીયાદ તેમજ દસ્તાવેજી પુરાવા જોતા આ કામે આરોપી વિરુદ્ધ ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ મુજબ સજાને પાત્ર ગુના સંદર્ભે પ્રથમ દર્શનીય કેસ જણાતો હોય તેમજ Writ Petition No. 18 of 2013, Indian Bank Association and others v. Union of India and others ના ચુકાદા મુજબ અસલ દસ્તાવેજી આધારો અને ફરીયાદીનું સોગંદનામું રજુ થતું હોય જેથી હાલની ફરીયાદ ફોજદારી કેસ તરીકે રજીસ્ટરે લેવાનો હુકમ કરવામાં આવે છે અને ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ મુજબના ગુનાનું કોગ્નીઝેન્સ લઈ આરોપી વિરુદ્ધ પ્રથમ નદર્શનીય કેસ જણાતો હોય ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ ૨૨૭ મુજબનો **તા.૮/૦૯/૨૦૨૬** ના રોજ સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.તેમજ ક્રિમિનલ ઇન્ક.નં.**૩૪૨/૨૦૨૬** ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

તા.૮/૦૮/૨૦૨૬

આણંદ

(એ.એ.રૂંઝા)

બીજી એડી.ચીફ.જયુડી.મેજી.કોર્ટ
**આણંદ**